# पुष्टिसंस्कारधाम

Global Center for Education and Culture




## નિર્માણ પ્રોજેક્ટ રિપોર્ટ

# पुष्टिसंस्कारधाम

Global Center for Education and Culture

## CAMPUS MASTER PLAN




### પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સ્થાન

પુષ્ટિસંસ્કાર સંસ્થાન દ્વારા નિર્માણાધીન પુષ્ટિસંસ્કારધામ પ્રોજેક્ટ જૂનાગઢ થી નજીક વડાલગામ પાસે વડાલ-કાથરોટા રોડ પર સાકાર થશે.




# શિક્ષણ અને સંસ્કૃતિનું વૈશ્વિક કેન્દ્ર

## પ્રસ્તાવના

* ભારતીય ધર્મ સંસ્કૃતિના ઉંડાણપૂર્વકની આધ્યાત્મિક ભાવનાથી યુક્ત સર્વહિતકારી સાંસ્કૃતિક મૂલ્યો અને શ્રેષ્ઠ માનવીય ગુણોની સાથે આધુનિક જ્ઞાનનો યોગ્ય સમન્વય આજની પ્રાથમિક આવશ્યકતા છે. આ હેતુને ધ્યાનમાં લઈને પૂજ્ય નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી (મોટી હવેલી - જૂનાગઢ)ના આશીર્વાદ અને પૂજ્ય ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી (મોટી હવેલી - જૂનાગઢ) ની પ્રેરણાથી પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સંકલ્પિત છે.

* શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગ પ્રવર્તક શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રકટિત વૈદિક અને આધ્યાત્મિક સિદ્ધાંતોના દિવ્ય પ્રકાશમાં ધર્મ, અધ્યાત્મ, શાસ્ત્ર, સંસ્કૃતભાષા, સંસ્કાર, સંગીત, કલા, વિજ્ઞાન, શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વાવલંબન વગેરે સર્વ પ્રકારની ઉન્નતિના ઉચ્ચ આદર્શોને સમાજમાં; વિશેષ કરીને બાળકો અને યુવાનોમાં સ્થાપિત કરવા માટેનું પુષ્ટિસંસ્કારધામ મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે.

# INDEX


- પુષ્ટિસંસ્કારધામ કેમ્પસ માસ્ટર પ્લાન
- પ્રસ્તાવના
- અમારા પ્રેરણાસ્રોત
  - મહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી........ ૬
  - નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી ........ ૭
  - ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી ........ ૮
- પુષ્ટિસંસ્કારધામ એક સામયિક આવશ્યકતા
  - શિક્ષણ અને સંસ્કારનું એકત્વ ........ ૯
  - શા માટે અને કેવી રીતે વૈશ્વિક? ........ ૧૦
  - પુષ્ટિસંસ્કારધામ અલગ કેવી રીતે? ........ ૧૧
- અમારો અનુભવ
  - પુષ્ટિસંસ્કાર પાઠશાલા ........ ૧૨
  - પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ........ ૧૩
  - પુષ્ટિસંસ્કાર સ્કૂલ ........ ૧૪
  - શ્રીવલ્લભ ગોશાલા ........ ૧૫
  - પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન ........ ૧૬
  - યુવા અને ઉત્સાહિત ટીમ ........ ૧૭
- પુષ્ટિસંસ્કારધામનું સ્વરૂપ

  શિક્ષણ વિભાગ
  - પુષ્ટિસંસ્કાર સ્કૂલ એવમ્ ગુરૂકુલ ........ ૧૮
  - પુષ્ટિસંસ્કાર સંસ્કૃત વિદ્યાલય ........ ૨૦
  - પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ........ ૨૧

  સાંસ્કૃતિક વિભાગ
  - શ્રીવલ્લભધામ ........ ૨૨
  - પુષ્ટિસંસ્કાર ગોશાલા ........ ૨૩
  - અતિથિ નિવાસ - હોલિસ્ટિક હોલીડે ........ ૨૪
  - પુષ્ટિસંસ્કાર સંસ્થાન હેડક્વાટર્સ ........ ૨૫

• ભોજનાલય-પ્રસાદમ અને ઉદ્યાન-ગીતાવન, ગોકુલવન ...................................... ૨૬
• ઓડિટોરિયમ અને એમફીથિયેટર ........................................................ ૨૭
• શ્રીગોવિન્દઘાટ અને પુષ્ટિસંસ્કાર કન્વેન્શન લૉન ........................................ ૨૮
• પુષ્ટિસંસ્કારધામ નિર્માણકાર્યની વર્તમાન સ્થિતિ............................................ ૨૯

■ નિર્માણકાર્યની સમયરેખા

• વર્તમાન સ્થિતિ અને વિકાસની સમયરેખા ................................................ ૩૨

■ સમ્પન્ન થયેલા આયોજનો

• પુષ્ટિસંસ્કારધામ સાઈટઓફિસ નિર્માણ .................................................. ૩૩
• પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન મહોત્સવ .................................................. ૩૪
• પુષ્ટિસંસ્કારધામ નિર્માણ પ્રારંભ મહોત્સવ ............................................... ૩૫

■ આગામી આયોજન

• પુષ્ટિસંસ્કારધામ સપ્તદિવસીય શિલાન્યાસ મહોત્સવ ફેઝ-૨ ................................ ૩૬

■ સહુનું કાર્ય સહુનો સહયોગ

• નિર્માણ સહયોગ યોજના ............................................................. ૩૭

■ અમારી કર્તવ્યનિષ્ઠ ટીમ ............................................................. ૩૯

# મહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી

‘श्रीमद्वल्लभ’नामधेय-सदृशो भावी न भूतोऽस्त्यपि ।।



વેદ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, શ્રીમદ્‌ભાગવત વગેરે સનાતન શાસ્ત્રોના સારરૂપ જ્ઞાન દ્વારા ભક્તિમાર્ગની પ્રણાલીને ભૂતલ પર પ્રકટ કરવા ભગવાન્ શ્રીકૃષ્ણની આજ્ઞાથી તેમના ‘‘પ્રિય’’ શ્રીવલ્લભાચાર્યજીનું ભૂતલ પર પ્રાકટ્ય થયું. આચાર્યશ્રીએ શ્રીકૃષ્ણભક્તિની તન્મયતારૂપી જીવનનો કેન્દ્રવર્તી બોધ આપ્યો. શ્રીવલ્લભાચાર્યજીનો સર્વપ્રમાણસિદ્ધ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો તત્ત્વસિદ્ધાંત જડ-ચેતન સૃષ્ટિની શ્રેષ્ઠ અને દિવ્ય વ્યાખ્યા આપે છે. શ્રીવલ્લભનો આ સિદ્ધાંત જ પુષ્ટિભક્તિમાર્ગનો આધાર છે.

**શ્રીવલ્લભોપદિષ્ટ સાત્ત્વિક ઉન્નતિના દિવ્ય સિદ્ધાન્તોના વિભિન્ન પક્ષોને સાકાર કરવાની પ્રતિબદ્ધતા સાથે પુષ્ટિસંસ્કારધામનું નિર્માણ થશે.**

# નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રી

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् । श्रीभागवत-तत्वज्ञं भजेद् जिज्ञासुरादरात् ।।



નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીનું સમ્પૂર્ણ જીવન સાત્ત્વિકતા અને ભગવદ્ ભક્તિની ભાવનાથી ઓતપ્રોત રહ્યું. આપશ્રીના પરિચયમાં આવતા પ્રત્યેકને આપશ્રીના સરળ અને વૈદુષ્યપૂર્ણ સ્વભાવનો અનુભવ થતો.

ભગવદાશ્રયની દઢતા અને સર્વનું હિત થાય તેવી ભાવનાથી પ્રવૃત્ત રહેવું એ પ્રત્યેક વૈષ્ણવનું કર્તવ્ય છે એવું આપે આપના વિચાર-વાણી અને વ્યવહારથી પ્રસ્થાપિત કર્યું. ગોસેવા એ આપણી સંસ્કૃતિનું એક મહત્ત્વનું અંગ છે, વૈષ્ણવ માટે તો પ્રભુને પ્રિય એવું ગોવંશ વિશેષ આદરણીય છે. આ હેતુથી આપશ્રીએ ગોસેવાની આવશ્યકતા વિશે સમાજને જાગૃત કર્યો. આપશ્રીની પ્રેરણાથી ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનેક ગામોમાં ૧૦૦ થી વધુ ગોશાલાની સ્થાપના થઇ છે. ગોશાલાનું આદર્શ રૂપ સ્થાપિત કરવા શ્રીવલ્લભ ગોશાલા (વાડલા)ની સ્થાપના આપશ્રી દ્વારા કરવામાં આવી. બાળકોને સંસ્કાર સાથે શિક્ષણ આપવા માટે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલ (ચોકી-સોરઠ)ની સ્થાપના આપશ્રીના માર્ગદર્શનમાં થઇ. આ રીતે આપશ્રીએ વૈષ્ણવ સમાજમાં પરિવર્તન લાવવા શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્તોના પ્રચાર-પ્રસાર સાથે શિક્ષણ અને સામાજિક સુધારણાનું સંયોજન કરી અદ્ભૂત કાર્ય કરેલું છે.

**આપણા સૌભાગ્ય છે કે આવા દિવ્ય વ્યક્તિત્વયુક્ત આચાર્યશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શન પુષ્ટિસંસ્કારધામને પ્રાપ્ત થયા છે.**

# ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી

(મોટી હવેલી - જૂનાગઢ)

‘‘आचरयति इति आचार्य’’ - જે આચરણ કરે છે તે આચાર્ય છે.



આચાર્યની આ વ્યાખ્યા અનુસાર સ્વયં આચરણ કરી અને આચાર્ય તરીકેના પોતાના કર્તવ્યને પૂર્ણ કરવામાં આપશ્રી નિરન્તર પ્રયત્નશીલ  છે. આચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્ત અનુસાર જીવન જીવી અને શિષ્યને તેવું જ જીવન જીવવાની આપશ્રી સતત પ્રેરણા આપી રહ્યા છે.

શ્રીવલ્લભના સિદ્ધાન્તોમાં નિરૂપિત સંસ્કારોની પ્રાપ્તિ જ આપણા જીવનને પૂર્ણ અને આનંદમય બનાવી શકે તેવો આપનો દૃઢ અભિપ્રાય છે. આ સંસ્કાર સિંચન બાલ્યાવસ્થાથી થાય તો વિશેષ પરિણામદાયી બનશે.

આ વિચારધારાને પ્રસારિત કરવા માટે અને સમાજ, બાળકો અને યુવાનોમાં સંસ્કાર સિંચન માટે આપ સતત પ્રયત્નશીલ રહે છે. પરિણામ સ્વરૂપે બાળકો માટે પુષ્ટિસંસ્કાર પાઠશાલા, યુવાનો માટે પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠની સ્થાપના આપશ્રી દ્વારા કરવામાં આવી છે. જેમાં જોડાઇને હજારો બાળકો તથા યુવાનો પોતાના ધર્મ, આધ્યાત્મિકતા અને સંસ્કાર દ્વારા ઉન્નત વૈષ્ણવી જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત કરે છે. આ પ્રવૃત્તિઓ સમન્વિતપણે થઇ શકે તે માટે પ્રભુપ્રેરણાથી આપશ્રીના મનમાં  પુષ્ટિસંસ્કારધામનો સંકલ્પ પ્રકટ થયો.

**બાળકો - યુવાનો તથા પ્રત્યેક જન માટે સર્વાંગપૂર્ણ ઉન્નતિને ધ્યાનમાં લઇને શિક્ષણ - શાસ્ત્ર - સંસ્કૃતિ - સ્વાસ્થ્ય - સાત્ત્વિકતા આ પંચવિધ ઉન્નતિના આધારસ્તંભ પર પુષ્ટિસંસ્કારધામ નિર્માણનો આપશ્રીનો સંકલ્પ છે.**

# શિક્ષણ અને
# સંસ્કારનું એકત્વ

શિક્ષણ અને સંસ્કાર વસ્તુતઃ એક જ તત્ત્વ છે પરન્તુ આધુનિક સમયમાં આ બન્ને તત્ત્વોને અલગ પાડવામાં આવ્યા છે. આજે વ્યક્તિના ઘડતરમાં શિક્ષણ અને સંસ્કાર આ બન્ને તત્ત્વોને અલગ કરવાને કારણે વ્યક્તિગત જીવન, સામાજિક જીવન અને વૈશ્વિક સ્તર પર એના દુષ્પરિણામો જોવા મળી રહ્યા છે.

આપણી પ્રાચીન ભારતીય ઋષિ પરંપરામાં બાળકોને ભણવા માટેની આશ્રમ વ્યવસ્થા જોઈએ તો ગુરૂકુલમાં જીવનની ઉન્નતિ માટે આવશ્યક દરેક પાસાઓને વિદ્યાભ્યાસની સાથે વણી લેવામાં આવતાં હતાં. જીવનના ૬૪ પ્રકારના વિવિધ પક્ષોનું જ્ઞાન આપવામાં આવતું, જેને ૬૪ કલાઓ તરીકે ઓળખવામાં આવતી. સુસંસ્કૃત શિક્ષણની આ પદ્ધતિ; બાળકનો સર્વાંગપૂર્ણ વિકાસ કરનારી, અત્યન્ત હિતકારી પ્રક્રિયા હતી.

આજે પરિસ્થિતિ કંઇક વિપરીત છે. શિક્ષણ અને સંસ્કારને જુદા કરી દેવામાં આવ્યા છે. શિક્ષણ માત્ર દ્રવ્ય ઉપાર્જન માટે છે એવો મત પ્રવર્તે છે. શિક્ષણવ્યવસ્થાઓના કેન્દ્રમાં બાળકના વ્યક્તિત્વનું સર્વાંગપૂર્ણ વિકાસ નથી રહી ગયું. તેથી સુશિક્ષિત હોવા છતાં અનેક દુર્ગુણો અને મનની નબળાઇઓથી ભરેલા વ્યક્તિઓ સમાજમાં જોવા મળે છે. તેથી વિશ્વમાં ભૌતિક ઉન્નતિ તો દેખાઇ રહી છે પરંતુ દિવસે-દિવસે માનવીય ગુણોનો હ્રાસ થતો પણ અનુભવાઇ રહ્યો છે. તેથી શિક્ષણની સાથે-સાથે જ્યાં સુધી સંસ્કૃતિ અને સંસ્કારને પણ આપણી પ્રાચીન પરંપરા પ્રમાણે સમન્વિત નહિ કરવામાં આવે ત્યાં સુધી આ સમસ્યાનું સમાધાન શક્ય નથી.

**પુષ્ટિસંસ્કારધામનું નિર્માણ; એ આવો જ એક પ્રયાસ છે, જ્યાં શિક્ષણ અને સંસ્કારની ઉજ્જવળ ધ્વજા અખંડરૂપે લહેરાતી જોવા મળશે.**








# શા માટે અને કેવી રીતે વૈશ્વિક ?

આજે સમ્પૂર્ણ વિશ્વ અનેક વિષયોમાં એકબીજા સાથે પૂર્ણપણે જોડાયેલું અનુભવાય છે. એક સ્થાન પર થતું કાર્ય વિશ્વવ્યાપી બનાવવામાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજીનો ઉપયોગ થઇ રહ્યો છે. હાલમાં આધુનિક ટેક્નોલોજીના કારણે માનવ એક બીજાથી ખૂબ નજીક આવી ગયો છે. પ્રત્યેક ક્ષેત્રમાં પ્રામાણિક જ્ઞાનપ્રાપ્તિ સહુને સમાન રૂપે ઉપલબ્ધ થાય તે જ વાસ્તવિક વૈશ્વિક એકત્વ છે.

તેથી આધુનિક સંસાધનો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ - શાસ્ત્રજ્ઞાન - સંસ્કૃતભાષાજ્ઞાન - સંગીતપ્રશિક્ષણ આદિ વિદ્યાઓ વૈશ્વિક સ્તર પર પ્રત્યેકને ઉપલબ્ધ થાય તે માટે આપણા પ્રયાસ હોવા જોઇએ.

**આધુનિક ટેકનોલોજીને અપનાવીને પુષ્ટિસંસ્કારધામ સંકુલના માધ્યમથી વૈશ્વિક સ્તરે શિક્ષણ અને સંસ્કૃતિનું પ્રામાણિક જ્ઞાન દૂર-દૂર વસતા પ્રત્યેક વ્યક્તિ સુધી ઓનલાઈન પહોંચાડવું એ અમારો મૂલ મંત્ર છે.**



# પુષ્ટિસંસ્કારધામ
# અલગ કેવી રીતે ?

કોઈ પણ કાર્યની ઉત્તમતાનો માપદંડ ત્રણ બાબતોથી સમજી શકાય.

1 તે કોણ કરી રહ્યું છે?

2 શા માટે કરી રહ્યા છે?

3 તે કેવી રીતે કરી રહ્યા છે?

## કોણ?

આ સંસ્કાર કેન્દ્રના પ્રેરણાદાતા અને માર્ગદર્શક નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી એવમ્ આ કાર્યને કરવા માટે કટિબદ્ધ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી બન્ને આચાર્યશ્રીઓ શ્રીવલ્લભાચાર્યજીને પોતાના વંશજોમાં અપેક્ષિત ગુણોને અનુરૂપ અને પોતાના આચાર્ય તરીકેના કર્તવ્ય પ્રતિ સતત પ્રયત્નશીલ છે.

## શા માટે?

પુષ્ટિસંસ્કારધામ કેવળ એક આધુનિક ટેક્નોલોજી યુક્ત વિદ્યાસંકુલ માત્ર નથી પરંતુ એ ઘર-પરિવાર , કર્મ અને ધર્મમાં પૂર્ણતા અપાવી જીવન સફળ કરાવનાર સંસ્કારોનું સિંચન કરાવનાર કેન્દ્ર છે. જ્યાં આપણે એવા સંસ્કારો પ્રાપ્ત કરી શકીશું જે જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં સર્વાંગીણ સફળતા પ્રાપ્ત કરાવી શકે.

## કેવી રીતે?

જેના મૂળમાં શુભ ભાવના હોય તે સંકલ્પ પર પ્રકટ થનાર વૃક્ષ; સર્વને શાન્તિ અને પ્રગતિનો છાંયડો અને ફલ પ્રદાન કરે છે એમાં કોઇ સન્દેહ નથી.

પુષ્ટિસંસ્કારધામ; સર્વજનહિત, સમાજહિત, રાષ્ટ્રહિત અને ધર્મસંસ્કૃતિરક્ષા જેમના હૃદયમાં છે તે ઉત્તમ ભાવયુક્ત સહયોગીઓ અને સન્નિષ્ઠ કાર્યકર્તાઓના પરિશ્રમથી નિર્માણ પામશે. કોઈ પણ પ્રકારે આર્થિક ઉપાર્જનના લેશમાત્ર લાભની અપેક્ષા વગર આ સંકુલ નિર્માણનો સંકલ્પ છે.

**અમારા વિવિધ ક્ષેત્રોના અનુભવોએ અમને પુષ્ટિસંસ્કારધામ નિર્માણ માટેની પ્રેરણા અને દિશા આપી છે.**

# પુષ્ટિસંસ્કાર પાઠશાલા

બાલ્યાવસ્થામાં જે સંસ્કાર પ્રાપ્ત થાય છે તે બાળકના સહજ વ્યક્તિત્વનું અંગ બની જાય છે. તેથી ધર્મસિદ્ધાન્ત તથા સંસ્કારોનું જ્ઞાન બાલ્યાવસ્થાથી જ પ્રદાન કરવાના શુભ હેતુથી પુષ્ટિસંસ્કાર પાઠશાલાની સ્થાપના કરવામાં આવી. ગામેગામ પુષ્ટિસંસ્કાર પાઠશાલાના કેન્દ્રોની સ્થાપના દ્વારા બાળકોમાં સંસ્કારસિંચનનો આ મહાયજ્ઞ સન્ ૨૦૧૧ માં પ્રારંભ થયો જે સતત ચાલી રહ્યો છે. પાઠશાલા દ્વારા બાળકોને સંસ્કૃત ગ્રન્થપાઠનું શુદ્ધ ઉચ્ચારપૂર્વક પઠન, શાસ્ત્રના સિદ્ધાન્તોનું જ્ઞાન, આચાર્ય તથા વૈષ્ણવોના ચરિત્રો દ્વારા શ્રેષ્ઠ જીવન જીવવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે. ઉત્તમ વાણી - ઉત્તમ વિચાર - શાસ્ત્રજિજ્ઞાસા - સત્સંગ - વ્યસનમુક્ત જીવન - પ્રકૃતિપ્રેમ - સ્વચ્છતા-સ્વાવલંબન જેવા ગુણો બાળકોમાં વિકસિત થાય તે પ્રકારનો અભ્યાસક્રમ અને પ્રવૃત્તિઓ પાઠશાલાના માધ્યમથી વિશાલ ફલક સુધી આપણે પહોંચાડી શક્યા છીએ.

નીચેની આંકડાકીય માહિતિ પાઠશાલાની સફળતા દર્શાવે છે.

| 300 | ૧૯૦ | ૧૨૧૩૬ |
|---|---|---|
| પાઠશાલા | શહેરો | વિદ્યાર્થીઓ |





# પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ

પુષ્ટિસંસ્કાર પાઠશાલાની સફળતા પછી સન્ ૨૦૧૬માં આચાર્યશ્રી દ્વારા પુષ્ટિગ્રન્થોના અભ્યાસ માટેનો પ્રકલ્પ એટલે કે પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી. ૧૬ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા યુવાનો તેમ જ સર્વ જનો માટે પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠની સ્થાપના થઇ છે.

યુવાનો પોતાના શિક્ષણ, કારકીર્દી, વ્યવસાય, પારિવારિક જવાબદારીઓમાં વ્યસ્ત હોવાને કારણે પૂરતો સમય આપી શકતા ન હોય તેમની માટે વિદ્યાપીઠમાં ડિસ્ટન્સ એજ્યુકેશન અને ઓનલાઇન લર્નિંગ કોર્સને પણ અમલમાં મૂકવામાં આવ્યું છે. અભ્યાસક્રમની રચના એ રીતે કરવામાં આવી છે કે જેથી વિશ્વના કોઇપણ સ્થળેથી આપણા ગ્રન્થો- સિદ્ધાન્તોનો અભ્યાસ કરી શકાય અને ઓનલાઇન પરીક્ષા આપી સર્ટિફિકેટ પ્રાપ્ત કરી શકાય. હજી આ ક્રમમાં ગીતા અભ્યાસક્રમ, સંસ્કૃતભાષા અભ્યાસક્રમ, પુષ્ટિભક્તિસંગીત અભ્યાસ ક્રમ આદિ માટેનું આયોજન થઇ રહ્યું છે જે નિકટ ભવિષ્યમાં કાર્યાન્વિત થશે.

ભારત તથા અન્ય દેશોના ઘણા વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ સાથે જોડાયા છે.

૪૩૭૦ વિદ્યાર્થીઓ

૨૮૮ શહેરો

૧૫ દેશ





# પુષ્ટિસંસ્કાર સ્કૂલ

પુષ્ટિસંસ્કાર પાઠશાલામાં અઠવાડીયામાં એક કે બે દિવસ સંસ્કાર સિંચન પ્રાપ્ત કરતા બાળકોની સંસ્કારિતાનું દર્શન કરીને એવી પ્રેરણા થઇ કે જો બાળકો અઠવાડિયામાં એક-બે દિવસમાં પાઠશાલાના માધ્યમથી આટલા સુંદર સંસ્કાર મેળવી શકતા હોય; તો જો નિત્ય એમનામાં આ સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો અદભૂત પરિણામ પ્રાપ્ત થાય. આ પ્રેરણાને ધ્યાનમાં લઇ બાળકોને આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર અને સંસ્કૃતિ પ્રત્યેના અહોભાવરૂપ આભૂષણોથી સુશોભિત કરવા માટે પુષ્ટિસંસ્કાર બાલવાટિકા પ્રિ-સ્કૂલ અને પુષ્ટિસંસ્કાર સ્કૂલનો પ્રારંભ કરવામાં આવ્યો.

આજના સમયમાં લોકોમાં એ વિવેક દઢ થઇ રહ્યો છે કે ''જો પોતાના બાળકોને કેવલ આધુનિક શિક્ષણ જ આપીશુ અને સંસ્કાર સિંચન નહિ કરીએ તો એનું જીવન શ્રેષ્ઠ નહિ બને, સંસ્કાર એ માનવજીવનની શોભા છે.'' લોકોમાં વિકાસ પામી રહેલ આ ભાવનાએ અમને પુષ્ટિબાલવાટિકા પ્રિ-સ્કૂલ અને પુષ્ટિસંસ્કાર સ્કૂલની સ્થાપના માટે અત્યન્ત પ્રોત્સાહિત કર્યા. સન્ ૨૦૨૦માં પ્રારંભ થયેલ પુષ્ટિબાલવાટિકા પ્રિ-સ્કૂલ તેમજ સન્ ૨૦૨૧માં પ્રારંભ થયેલ પુષ્ટિસંસ્કાર સ્કૂલમાં ધો.૧ થી ૧૦ માં ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં ૧૨૦૦ જેટલા બાળકો; આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર સિંચન પ્રાપ્ત કરી સર્વાંગીણ ઉન્નતિ સાથે શ્રેષ્ઠ જીવન જીવવાની દિશામાં આગેકૂચ કરી રહ્યા છે.

શ્રીવલ્લભાચાર્ય વિદ્યા સંકુલ ટીંબાવાડી ખાતે પ્રારંભ કરવામાં આવેલ પુષ્ટિબાલવાટિકા તેમજ પુષ્ટિસંસ્કાર સ્કૂલ આદર્શ સ્કૂલના સ્વરૂપે લોકહૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી રહ્યા છે.





૧૨૦૦
વિદ્યાર્થીઓ
પુષ્ટિસંસ્કાર સ્કૂલ
પુષ્ટિબાલવાટિકા









# શ્રીવલ્લભ ગોશાલા

## ગાવો વિશ્વસ્ય માતરઃ

આપણા જીવનની સર્વાંગીણ ઉન્નતિનો આધાર સાત્ત્વિકતા છે અને સાત્ત્વિકતાનો આધાર ગોમાતા છે. વેદથી લઇને આપણા સર્વ ધર્મશાસ્ત્રોમાં ગોમહિમાનું વર્ણન કરવામાં આવેલું છે. આપણી આધિભૌતિક, આધ્યાત્મિક તેમજ આધિદૈવિક ઉન્નતિના આધારરૂપ ગોમાતાનું સંરક્ષણ સંવર્ધન કરવું એ આપણા સૌનું કર્તવ્ય છે. આ ભાવનાથી નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી દ્વારા જૂનાગઢ – વાડલા મુકામે સન્ ૨૦૦૬માં શ્રીવલ્લભ ગોશાલાની સ્થાપના કરવામાં આવી હતી. ખૂબ સુંદર રીતે કાર્યરત આ ગોશાલાનો આજના સમયની આવશ્યકતા પ્રમાણે ગોમાતાના વિશેષ સુખનો વિચાર કરીને ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીની અધ્યક્ષતામાં સન્ ૨૦૨૧માં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યું.

નવ જીર્ણોદ્ધારિત ગોશાલામાં જૂની ખિરકોનું ગોમાતાને સુખરૂપ થાય તેવી રીતે સમારકામ કરવામાં આવ્યું છે. ગોધનમાં થતી વૃદ્ધિને ધ્યાનમાં રાખી નવી ખિરકોનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. ગાય, નંદી, બળદ, વાછરડા, વાછરડી, સર્વ ગોધન–ગોવંશના સંરક્ષણ–પાલન માટેની અલગ–અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. ગોમાતા–ગોવંશના સ્વાસ્થ્યની પૂર્ણ તકેદારી રહે તે માટે ગો–હોસ્પિટલ તેમજ વિયાણ પર આવેલી ગાયો માટે ગો પ્રસૂતિગૃહની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

તદુપરાંત ઓડિટારિયમ, બાલક્રીડાંગણ, પંચગવ્ય ઉત્પાદન સ્ટોર, શ્રીગોપાલ પ્રસાદમ્, સુંદર ગોશાલા પરિક્રમા માર્ગ વગેરે વિવિધ વિભાગોનું નિર્માણ ગોશાલાની શોભામાં અનેકગણો વધારો કરી રહ્યું છે. ગોપાલન–ગોસંવર્ધનના શ્રેષ્ઠ હેતુને પૂર્ણનિષ્ઠાપૂર્વક પાલન કરતી શ્રીવલ્લભ ગોશાલા સર્વ માટે આદર્શ ગોશાલાનું સ્વરૂપ ધારણ કરી પ્રેરણારૂપ બની રહી છે.




**૪૫૦**
ગોમાતા

**૧૦૮**
પ્રેરિત ગોશાલાઓ





# પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન

કોઇપણ ધર્મ-સંપ્રદાય-સંસ્થાના મૂલ સિદ્ધાન્તોને પ્રકટ કરવા માટે-સમજવા માટે જે તે ધર્મ-સંપ્રદાયના ગ્રન્થો અથવા સંસ્થાનું સાહિત્ય ખૂબ મહત્ત્વનું યોગદાન આપે છે.

પુષ્ટિભક્તિમાર્ગમાં તેના મૂલ સિદ્ધાન્તોને પ્રકટ કરતું શ્રીમહાપ્રભુજી એવમ્ શ્રીગુસાંઇજી રચિત ગ્રન્થોરૂપ અમૂલ્ય સાહિત્ય વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. આપશ્રી રચિત આ ગ્રન્થોમાંથી ઘણુ બધુ પ્રાપ્ય સાહિત્ય છે તો ઘણુ બધુ અપ્રાપ્ય પણ છે. પુષ્ટિસંસ્કાર પબ્લિકેશનનો મૂલ હેતુ આ પ્રાપ્ય સાહિત્યને તેના શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશિત કરવાનો છે. તેમજ અપ્રાપ્ય સાહિત્યને વિશેષરૂપે પ્રકાશિત કરી લોકોને સરલતાથી પ્રાપ્ય કરાવવાનો છે.

તદુપરાંત, ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના પ્રેરણા અને માર્ગદર્શનથી ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં પુષ્ટિસંસ્કાર પાઠશાલાના બાળકો માટે પાઠશાલાના અભ્યાસક્રમના પુસ્તકો, વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે વિદ્યાપીઠના અભ્યાસક્રમના પુસ્તકો, કે જે સ્વયં ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી દ્વારા જ લખવામાં આવ્યા છે તેનું પણ પ્રકાશન પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન દ્વારા કરવામાં આવી રહ્યુ છે.

તેની સાથે સાથે પુષ્ટિસંસ્કાર સંસ્થાન દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની નિરંતરતા માટે સંસ્થાનના હેતુઓને પ્રકટ કરતા વિવિધ પ્રકારના સાહિત્યનું પ્રકાશન પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન દ્વારા થઇ રહ્યું છે.

આ રીતે પુષ્ટિભક્તિમાર્ગીય સિદ્ધાન્તોને પ્રકટ કરતા અનેકવિધ ગ્રન્થો, અન્યાન્ય વિવિધ પ્રકારનું પુષ્ટિમાર્ગીય સાહિત્ય, પુષ્ટિસંસ્કાર સંસ્થાનની વિવિધ પ્રવૃત્તિઓની નિરંતરતા માટે આવશ્યક અનેકવિધ સાહિત્ય વગેરેના પ્રકાશનનું કાર્ય પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન દ્વારા ખૂબ સુંદર રીતે થઇ રહ્યું છે.








# યુવા અને ઉત્સાહિત ટીમ

આજના સમયમાં નિષ્ઠાવાન સ્વયંસેવકો મેળવવા એ ખૂબજ મુશ્કેલ કાર્ય છે.

**અમને જાણ કરતા આનંદ થાય છે કે અમારે સ્વયંસેવકો ને ભેગા કરવા નથી પડ્યા, પરંતુ જ્યારે આપણે સાચી દિશામાં હોઇએ અને નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરતા હોઇએ ત્યારે તેઓ પોતાની રીતે જ જોડાઇ જતા હોય છે.**

વિવિધ જીલ્લાઓ તથા ગામોમાંથી ૧૫૦૦ થી વધુ નોંધાયેલા સમિતિના સભ્યો અને ૪૦૦૦થી પણ વધારે સ્વયંસેવકો આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે અવિરતપણે કાર્ય કરી રહ્યા છે.

પ્રથમ ૪૮ એકર જમીન માટેનો ભૂમિસંપાદન સહયોગ પૂર્ણ થયો છે. જેમાં મુખ્ય ગુજરાત તેમજ અન્ય વિવિધ રાજ્યોનાં નાના-મોટા શહેરોમાંથી ૭૦૦૦ થી પણ વધુ પરિવારોએ ટૂંકા સમયગાળામાં કુલ ૧૮ કરોડ રૂપિયા જેટલું ભૂમિદાન નોંધાવ્યું છે. એ જ રીતે હવે નિર્માણ કાર્ય માટે પણ બહોળો સહયોગ પ્રાપ્ત થવાનું શરૂ થઇ ચુક્યું છે.

**તો ચાલો સાથે મળીને કાર્ય કરીએ અને આગળ વધીએ....**







# શિક્ષણ વિભાગ

પુષ્ટિસંસ્કારધામનાં શિક્ષણ વિભાગમાં પ્રસ્તાવિત નિર્માણાધીન વિવિધ સંકુલોનો પરિચય.

## પુષ્ટિસંસ્કાર સ્કૂલ એવમ્ ગુરૂકુલ

### શિક્ષણ વિભાગ

પુષ્ટિસંસ્કાર પાઠશાલાના પ્રારંભ બાદ પાંચ વર્ષના અનુભવ દ્વારા એક સાંસ્કૃતિક શાળા બનાવવા માટેની પ્રેરણા મળી છે.

પુષ્ટિસંસ્કાર પાઠશાલા સ્થાપવાનો મૂળ હેતુ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના માર્ગદર્શન હેઠળ બાળકોમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંસ્કારોની સ્થાપના કરવાનો હતો. આજે ૧૯૦ થી વધુ શહેરો અને ગામોમાં સંયુક્તપણે ૩૦૦ કેન્દ્રમાં ૧૨,૦૦૦ થી વધારે બાળકો સંસ્કાર પ્રાપ્ત કરી રહ્યા છે. જેના ફલ સ્વરૂપ એવું જણાયું કે બાળકોમાં માતા-પિતા પ્રત્યે પ્રેમ અને આદર, પારમ્પરિક સદ્ગુણો તેમજ આત્મસંયમ, વ્યસનમુક્તિ, પ્રકૃતિ પ્રેમ,આત્મવિશ્વાસ, નૈતિકતા, દયાલુતા, સંગઠન શક્તિ, પ્રદર્શન કલા અને કુશલતા વગેરે ગુણો વિકાસ પામી રહ્યા છે.

આ અસાધારણ પરિણામો પ્રાપ્ત કર્યા પછી માતાપિતા, વિદ્યાર્થીઓ અને મેનેજમેન્ટ ટીમ, બધાના આગ્રહથી પુષ્ટિસંસ્કાર સ્કૂલ સ્થાપવાનો વિચાર ઉદ્ભવ્યો. પાઠશાલામાં અઠવાડિયામાં થોડા કલાકોના જ સંસ્કાર સિંચનથી આવા અદ્ભુત પરિણામો પ્રાપ્ત થયા તો કલ્પના કરો કે બાળકોને સુવ્યવસ્થિત વાતાવરણમાં આખો દિવસ મળે તો શું પ્રાપ્ત થશે ?



### પુષ્ટિસંસ્કાર સ્કૂલમાં નીચે પ્રકારની વિવિધ પદ્ધતિઓ કાર્યરત થશે.

**સી.બી.એસ.ઈ. એફિલિએટેડ સ્કૂલ**

| | |
|---|---|
| **ધોરણ ૬ થી ૧૨** | **ગુરૂકુલ વ્યવસ્થા (હોસ્ટેલ)** |
| (મલ્ટિપલ સ્ટ્રિમ) | (છોકરાઓ માટે) |

## પુષ્ટિસંસ્કાર સ્કૂલની વિશિષ્ટતાઓ.

- આધુનિક શિક્ષણ સાથે આધ્યાત્મિક શિક્ષણ તેમજ પારંપરિક સંસ્કારોનો સમન્વય સાધવો.
- અન્ય વિષયોની જેમ જ ટેક્સબુક, વર્કબુક, એક્ટિવિટી બુક્સ, અને ડિજિટલ કન્ટેન્ટ સાથે ધોરણ ૬ થી ૧૨ માં સંસ્કારને એક વિશિષ્ટ વિષય તરીકે અભ્યાસ કરાવવો.
- રમતગમતમાં કુશળતા, સ્કિલ ડેવલપમેન્ટ, વ્યક્તિત્વ વિકાસ અને નૈતિકતા ઉપર ભાર મુકવામાં આવશે.
- પ્રારંભથી જ બાળકોને સંસ્કૃતભાષા શીખવવામાં આવશે.
- પ્રારંભથી જ વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રતિભાશાળી ટીમ, યોગ અને ધ્યાન વગેરે બધી જ બાબતોથી યુક્ત આ અદ્‌ભુત સંકુલ સાકાર થશે.



# પુષ્ટિસંસ્કાર સંસ્કૃત વિદ્યાલય

## શિક્ષણ વિભાગ

ધર્મને તેના વાસ્તવિક સ્વરૂપમાં સમજવા માટે ધર્મગ્રન્થોનો અભ્યાસ કરવો આવશ્યક છે. આપણા મૂલ ગ્રન્થો સંસ્કૃતભાષામાં લખાયેલા છે. તેથી ધર્મના મૂળ તત્ત્વોને સમજવા માટે સંસ્કૃતભાષાનું જ્ઞાન જરૂરી છે. તે સાથે સંસ્કૃત ભાષા; સમાજના અને વ્યકિતત્વના સર્વાંગી વિકાસ માટે પણ અત્યન્ત ઉપયોગી છે. તેથી પ્રત્યેક માટે સંસ્કૃતભાષા જ્ઞાન પ્રાપ્તિ અત્યન્ત મહત્ત્વપૂર્ણ છે.

**પુષ્ટિસંસ્કાર સંસ્કૃત વિદ્યાલયમાં યોગ્ય રીતે પ્રશિક્ષિત યુવાનો ધ્વજવાહક બનીને ધર્મ અને સંસ્કૃતિનો પ્રચાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવશે.**

પુષ્ટિસંસ્કાર સંસ્કૃત વિદ્યાલયમાં ગુરૂકુલ-આશ્રમ પદ્ધતિ હશે. જેમાં ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃતભાષા, વેદ, ઉપનિષદ્ શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીમદ્ભાગવત વગેરે અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માં આવશે અને તે માટે ગુરૂકુલ વ્યવસ્થા રહેશે. સાથે બાળકોને કોમ્પ્યૂટર, ઈંગ્લિશ, ગણિત, વિજ્ઞાન જેવા લોકવ્યવહારના વિષયોનું પણ જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં આવશે. તેમજ બાળકો રમતગમત આદિ દ્વારા સમ્પૂર્ણ વિકાસ પ્રાપ્ત કરશે.



# પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ

## શિક્ષણ વિભાગ

પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠમાં ગ્રંથઅભ્યાસના વિવિધ કોર્સના માધ્યમથી ગ્રન્થ અધ્યયનનો લાભ સર્વ કોઇ જિજ્ઞાસુજન પ્રાપ્ત કરી શકશે. તદુપરાંત શ્રીવલ્લભાચાર્યજી પ્રકટિત પુષ્ટિભક્તિમાર્ગીય વિવિધ કલાઓનું જ્ઞાન પ્રાપ્ત કરાવનાર અભ્યાસક્રમમાં જોડાઇ શકશે. જેમાં પુષ્ટિમાર્ગીય ભગવત્સેવારીતિ, સાંજીકલા, આરતી સજાવટની વિશિષ્ટ કલા, પુષ્પમાલા સિદ્ધ કરવાની કલાત્મક રીતિ, ભગવદાભૂષણ સિદ્ધ કરવાનો પ્રકાર વગેરે પુષ્ટિકલાઓ માટેના અભ્યાસક્રમ તેમજ પુષ્ટિભક્તિમાર્ગીય સંગીત, સંસ્કૃતભાષા શીખવા માટેના વિવિધ અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવશે. જિજ્ઞાસુજન અનુકૂલતા પ્રમાણે ઓનલાઇન અથવા ઓફલાઇન; આ અભ્યાસક્રમમાં જોડાઇ શકશે.

















# સાંસ્કૃતિક વિભાગ

પુષ્ટિસંસ્કારધામનાં સાંસ્કૃતિ વિભાગમાં પ્રસ્તાવિત નિર્માણાધીન વિવિધ સંકુલોનો પરિચય.

## શ્રીવલ્લભધામ

### સાંસ્કૃતિક વિભાગ

**શ્રીવલ્લભધામ – શ્રીપુષ્ટિસંસ્કારધામનું આધ્યાત્મિક કેન્દ્ર**

શ્રીવલ્લભધામ સમગ્ર સંકુલના મધ્યમાં નિર્માણ કરવામાં આવશે અને સંકુલનું આધ્યાત્મિક હૃદય હશે. ત્યાં શ્રીવલ્લભના સુંદર ચિત્રજી પધરાવવામાં આવશે અને શ્રીવલ્લભના જીવનચરિત્રનું સુંદર ચિત્રાંકન કરવામાં આવશે.

મુલાકાતીઓ આ ચિત્રાંકનને નિહાળતા શ્રીવલ્લભના દિવ્યજીવનની જીવંતતાનો અનુભવ કરી શકશે.

સંકુલની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ શ્રીવલ્લભધામમાં દૈનિક સત્સંગ, કીર્તન વગેરે કરશે અને શ્રીવલ્લભોપદિષ્ટ પ્રકારે ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિને આત્મસાત્ કરશે.

શ્રીવલ્લભધામનું આર્કિટેક્ચર સરળ અને પ્રકૃતિ સાથે સુમેળ વાળું હશે અને સંકુલની મુલાકાત લેનાર પ્રત્યેક વ્યક્તિને પરમાનંદની અનુભૂતિ કરાવનાર હશે.



# પુષ્ટિસંસ્કાર ગોશાલા

## સાંસ્કૃતિક વિભાગ

ગોશાલા અને ગાય એ આપણી ભગવદ્‌ભક્તિના અભિન્ન અંગ છે. ગાયની સન્નિધિમાં શાન્તચિત્તે રહેવાથી સાત્ત્વિકતા અને આંતરિક શાંતિનો અનુભવ થાય છે. સમગ્ર વિશ્વ દેશી ગાયના દૂધ અને પંચગવ્ય ઉત્પાદનોના લાભ તેમજ મહત્ત્વથી માહિતગાર અને જાગૃત છે; તેથી તેના વિશે કહેવાની જરૂર નથી.

સંકુલમાં નિર્મિત ગોશાલા સંકુલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે દૂધ અને ઘી ની આવશ્યકતાને તો પૂર્ણ કરશે જ સાથે સાથે ઓર્ગેનિક ખેતી માટેનું મટીરિયલ પણ પુરૂં પાડશે.

સ્વનિર્ભિરતા એ અમારો પ્રાથમિક અભિગમ છે. તે અભિગમને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓને શુદ્ધ અને સાત્ત્વિક વસ્તુઓ પ્રાપ્ત કરાવવા સંકુલની આજુ-બાજુ પંચગવ્ય આધારિત પ્રાકૃતિક ખેતી દ્વારા અન્ન, શાકભાજી વગેરે પ્રાપ્ત થાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓમાં અપેક્ષિત સદ્‌ગુણોની વૃદ્ધિ માટે ‘‘**સાત્ત્વિક અન્ન**’’ ખૂબજ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. અમે સંશોધન દ્વારા તેના આશ્ચર્યજનક પરિણામો પ્રાપ્ત કર્યા છે.

આપણી આ યુનિવર્સિટીમાં વિવિધ પ્રમાણપત્ર અભ્યાસક્રમો દ્વારા ખેડૂતોને આ પરિણામદાયક પદ્ધતિઓની તાલીમ આપવામાં આવશે અને તેમને નાણાકીય સહાય પ્રાપ્ત કરાવવામાં મદદ કરવામાં આવશે. તેનાથી સમાજને ગુણવત્તાયુક્ત અન્ન પ્રાપ્ત થશે.











# પુષ્ટિસંસ્કાર સંસ્થાન હેડક્વાર્ટર્સ

## સાંસ્કૃતિક વિભાગ



પુષ્ટિસંસ્કારધામ એક વિશાળ સંકુલ છે. જેમાં આધુનિક શિક્ષણ સાથે સંસ્કાર સિંચન અને આપણી પ્રાચીન સંસ્કૃતિ પ્રત્યેની અહોભાવતાને કાયમ રાખવા અનેકવિધ વિભાગો કાર્યરત હશે. આ સર્વ વિભાગોની જાળવણી માટે એક સુવ્યવસ્થિત પ્રકારની વ્યવસ્થા કરવી આવશ્યક છે. તેમજ પુષ્ટિસંસ્કાર સંસ્થાનની વિવિધ પ્રવૃત્તિઓ જેમકે પુષ્ટિસંસ્કાર પાઠશાલા, પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ, પુષ્ટિસંસ્કાર પરિવાર, ગોશાલા આદિનું સંચાલન કોઇ ચોક્કસ વ્યવસ્થા સાથે એક જ જગ્યાએથી કરવું આવશ્યક છે. આ હેતુને પૂર્ણ કરવા માટે પુષ્ટિસંસ્કાર હેડઓફિસના ભવનનું નિર્માણ કરવામાં આવશે. જેમાં પુષ્ટિસંસ્કાર સંસ્થાનની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ પુષ્ટિસંસ્કારધામના વિવિધ વિભાગોના સંચાલન માટેના અલગ-અલગ કાર્યાલયો કાર્યરત રહેશે.

# અતિથિ નિવાસ – હોલિસ્ટિક હોલીડે

## સાંસ્કૃતિક વિભાગ




રજાઓનો હેતુપૂર્ણ સદુપયોગ એ એક ઉત્તમ વિચાર છે. જેને આપણે એક વિશેષ અભિગમ બનાવ્યો છે. હોલિસ્ટિક હોલીડેનો ઉદ્દેશ્ય એ છે કે પરિવારની સાથે બાળકો રજાના દિવસોનો ગુણવત્તા યુક્ત સમય સંસ્કૃતિની નજીક રહીને પસાર કરે.

ટૂંકા અને લાંબાગાળાની રજાઓમાં જૂનાગઢ અને તેની આજુબાજુના પ્રાકૃતિક વાતાવરણમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, આનંદદાયક પ્રવાસ, જ્ઞાનસભર સત્રોના આયોજનના વિકલ્પો પૂરા પાડવામાં આવશે.

અતિથિ નિવાસમાં 1 & 2 BHK Flats and 1 & 2 BHK Cottages હશે. તદ્ઉપરાંત શ્રીઠાકોરજીને સાથે પધરાવીને આવતા વૈષ્ણવો માટે પણ સેવા કક્ષની સુંદર વ્યવસ્થા વાળા નિવાસ સ્થાનનું પણ નિર્માણ થશે.

# ઉદ્યાન–શ્રીવલ્લભવન, ગોકુલવન

## સાંસ્કૃતિક વિભાગ

શ્રીવલ્લભવન ઉદ્યાન – વડીલો માટે તેમજ પરિવારજનો માટે શ્રીવલ્લભના જ્ઞાન યુક્ત સુંદર સૂક્તિઓ સાથે પ્રાચીન પ્રારૂપથી નિર્મિત થશે. તેમાં શ્રીવલ્લભ સંલગ્ન વિવિધ પ્રસંગોનો સમાવેશ કરવામાં આવશે.

ગોકુલવન ઉદ્યાન – બાળકો સાથે આવેલા પરિવાર માટે ગોકુલવન એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. તેમાં બાળકો માટે વિવિધ રાઇડ્સ માણવા મળશે. તેમજ ઠાકોરજીનાં વિવિધ લીલા પ્રસંગોની પ્રતિકૃતિ નિહાળવા મળશે. જ્ઞાન સાથે ગમ્મતનો એક આકર્ષક સુયોગ ગોકુલવનમાં પ્રાપ્ત થશે.




# ઓડિટોરિયમ

## સાંસ્કૃતિક વિભાગ

ઓડિટોરિયમમાં સ્કૂલ અને ગુરૂકુલનાં બાળકોનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. તેમજ બહારથી આવતા વૈષ્ણવો માટે વિવિધ જ્ઞાન સત્રો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે.




## ભોજનાલય–ગોપાલ પ્રસાદમ્

### સાંસ્કૃતિક વિભાગ



પુષ્ટિસંસ્કારધામ સંકુલની મુલાકાતે આવતા વૈષ્ણવો માટે સુંદર પ્રસાદ લેવાની સુવિધા આ વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવશે. તદ્ઉપરાંત અતિથિ નિવાસમાં મુકામે આવેલા વૈષ્ણવો માટે પણ ભોજનની વ્યવસ્થા પ્રસાદમ્ વિભાગમાંથી કરવામાં આવશે.

## એમ્ફિથિયેટર

### સાંસ્કૃતિક વિભાગ



પ્રાકૃતિક ઓપન એર એમ્ફિથિયેટરમાં ગુરૂકુલ, સંસ્કૃત વિદ્યાલય તેમજ પાઠશાલાના બાળકો માટે વિવિધ સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

## શ્રીગોવિન્દઘાટ

### સાંસ્કૃતિક વિભાગ



- પુષ્ટિસંસ્કારધામ સંકુલની મધ્યમાં યમુનાજીની ભાવનાથી નિર્મિત કુંડ.
- સંસ્કૃત વિદ્યાલયના વિદ્યાર્થીઓ સંધ્યા વંદનનો ક્રમ કરી શકે તથા વૈષ્ણવ પરિવાર ઘાટ પર વિહાર કરી શકે તે માટે ઘાટનું નિર્માણ.

## પુષ્ટિસંસ્કાર કન્વેન્શન લૉન



પુષ્ટિસંસ્કાર કન્વેન્શન લૉનમાં વિવિધ ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક કાર્યક્રમો, કન્વેન્શન્સ, વર્કશોપ્સ વગેરે કાર્યક્રમોનું આયોજન નિરંતર થતું રહેશે.

# પુષ્ટિસંસ્કારધામ નિર્માણકાર્યની વર્તમાન સ્થિતિ

## જાન્યુઆરી ૨૦૨૨

પુષ્ટિસંસ્કારધામ સંકુલમાં Phase - 1 માં અંદાજિત ૫ લાખ સ્ક્વેર ફીટથી વધારે નિર્માણ કાર્ય કરવામાં આવશે. અંદાજિત ૧ લાખ સ્ક્વેર ફીટ જેટલું નિર્માણકાર્યનું સિવિલ કામ થોડા સમયમાં પૂર્ણ થવામાં છે અને ત્યારબાદ આગળના વિવિધ વિભાગોનું બાંધકામ શરૂ કરવામાં આવશે.



















**“પુષ્ટિસંસ્કારધામ એ આપણા સહુનો સંકલ્પ છે”**

**આ ‘સંકલ્પ’ ભાવિ પેઢી પ્રત્યે આપણું કર્તવ્ય છે.**

**જેની સિદ્ધિ માટે આપણે સહુએ કર્તવ્યનિષ્ઠ બનીને**

**આ નિર્માણ કાર્યમાં સંમિલિત થવાનું છે.**

# વર્તમાન સ્થિતિ
# અને વિકાસની સમયરેખા

વૈશ્વિક સ્તર પર એક અમૂલ્ય અને કાયમી અસર છોડવાની પહેલ.

**જૂન ૨૦૧૬** પુષ્ટિસંસ્કાર પાઠશાલા અને પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ રૂપી પ્રવૃત્તિઓ પ્રત્યે સમાજનો ઉત્સાહપૂર્ણ પ્રતિભાવ પ્રાપ્ત થતા ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી અને તેમની ટીમ દ્વારા સર્વ સમિતિઓ અને કાર્યકર્તાઓ સાથે પુષ્ટિસંસ્કારધામ નિર્માણ વિષયમાં પરામર્શ કરવામાં આવ્યો. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીની આજ્ઞા તથા આશીર્વાદ પ્રાપ્ત થતા પુષ્ટિસંસ્કારધામ નિર્માણનો સંકલ્પ કરવામાં આવ્યો.

**ઓક્ટોબર ૨૦૧૬** પ્રોજેક્ટ અને તે માટેના સ્થાનની આવશ્યકતાના વિશ્લેષણ પછી ભૂમિ શોધવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું.

**ફેબ્રુઆરી ૨૦૧૭** જૂનાગઢ શહેરથી ૧૨ કિમી દૂર આવેલી ભૂમિને પસંદ કરવામાં આવી અને પ્રથમ તબક્કામાં ૩૨ એકર ભૂમિનું નિર્ધારણ કરવામાં આવ્યું.

**માર્ચ ૨૦૧૭** ભૂમિદાન એકત્ર કરવા માટે વિવિધ શહેરોમાં વિવિધ સમિતિઓ દ્વારા ભૂમિદાન યોજના શરૂ કરવામાં આવી. ૨૫૦ થી વધુ શહેરમાં ૨૫૦ થી વધુ સમિતિઓએ તેના માટે કાર્ય કર્યું.

**ઓક્ટોબર ૨૦૧૭** સાઇટ ઓફિસનું નિર્માણ અને ઉદ્‌ઘાટન થયું. આ સાઇટ ઓફિસ પરથી આગળની યોજનાઓ હાથ ધરવામાં આવશે.

**ફેબ્રુઆરી ૨૦૧૮** પ્રથમ ૩૨ એકર ભૂમિનું સંપાદન પૂર્ણ કરાયું અને પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન ઉત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં ૧ લાખથી વધારે વૈષ્ણવોએ આ પ્રસંગમાં હાજરી આપી.

**જૂન ૨૦૧૮** સંકુલમાં સાઇટ ઓફિસની નજીક નાનકડું બાલઉદ્યાન, ભોજનાલય અને ગોશાલાનું નિર્માણ કરીને વૈષ્ણવો માટે ખુલ્લા મુકવામાં આવ્યા.

**જુલાઈ ૨૦૧૮** જરૂરી દસ્તાવેજો પૂર્ણ કર્યા બાદ વિવિધ સરકારી મંજુરીઓ પ્રાપ્ત કરવા માટેનું કાર્ય શરૂ કરવામાં આવ્યું.

# નિર્માણકાર્યની સમયરેખા



**સપ્ટેમ્બર ૨૦૧૮** — પ્રારંભિક માસ્ટર પ્લાન અને બેઝિક આર્કિટેક્ચરલ પ્લાન અને સંકુલનું 3D મોડલ બનાવવા માટેનું કાર્ય સોપવામાં આવ્યું.

**નવેમ્બર ૨૦૧૮** — પ્રથમ તબક્કા બાદ તબક્કા-૨ અને ૩ માટે જમીન પસંદગીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી.

**જાન્યુઆરી ૨૦૧૯** — પ્રથમ તબક્કા માટેના કન્સ્ટ્રક્શન પ્લાન અને ફાઇનાન્સ માટેની યોજનાઓ વ્યાપક રીતે બહાર પાડવામાં આવી.

**એપ્રિલ ૨૦૧૯** — પુષ્ટિસંસ્કારધામ નિર્માણ રૂપરેખા તેમજ સહયોગ યોજના બ્રોસર વિમોચન તેમજ તબક્કા ૨ માટેની કૂલ ૧૬ એકર જમીન સંપાદન કરવામાં આવી.

**જાન્યુઆરી ૨૦૨૦** — ૧૦,૧૧,૧૨ જાન્યુઆરી પુષ્ટિસંસ્કારધામ નિર્માણ પ્રારંભ મહોત્સવ ઉજવવામાં આવ્યો તેમજ નિર્માણ કાર્ય પ્રારંભ કરવામાં આવ્યું.

**માર્ચ ૨૦૨૦ થી ફેબ્રુઆરી ૨૦૨૧** — કોરોના કોવિડ-૧૯ મહામારીના કારણે નિર્માણ કાર્યમાં વિરામ.

**ફેબ્રુઆરી ૨૦૨૧** — નિર્માણ કાર્ય ફરીથી શરૂ કરી વેગવંતુ કરવામાં આવ્યું.

**ઓક્ટોબર ૨૦૨૧** — ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીનો નિત્યલીલામાં પ્રવેશ

**જાન્યુઆરી ૨૦૨૨** — પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સંકલ્પયાત્રાનું ફરીથી ગામે-ગામ આયોજન શરૂ કરવામાં આવ્યું અને ૫૦૦ થી પણ વધારે ગામોમાં પુષ્ટિસંસ્કારધામ સમિતિઓની રચના કરવામાં આવી.

**ડીસેમ્બર ૨૦૨૩** — પુષ્ટિસંસ્કારધામ ફેઝ-૨ નિર્માણ શિલાન્યાસ મહોત્સવ

# પુષ્ટિસંસ્કારધામ સાઈટઓફિસ નિર્માણ ઓક્ટોબર ૨૦૧૭

પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સંકલ્પને પૂર્ણ કરવા માટે જે ભૂમિનું સંપાદન થયું છે. તે ભૂમિ પર પુષ્ટિસંસ્કારધામ નિર્માણની કટિબદ્ધતાનો વિશ્વાસ સંપાદન કરાવતા નીચેના કાર્યો કરવામાં આવ્યા છે.

**સાઈટ ઓફિસ નિર્માણ :** ભૂમિપૂજન ઉત્સવની સફળતાને જોઇ વૈષ્ણવસૃષ્ટિ અને અન્ય સમાજની જિજ્ઞાસા વધી છે. વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા લોકો પ્રત્યક્ષ પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સ્થાનની મુલાકાતે આવી રહ્યા છે. એ મુલાકાતીઓની જિજ્ઞાસા પૂર્ણરીતે સંતોષાય અને દરેક પ્રકારની માહિતિ તેમને પ્રાપ્ત થઇ રહે તે માટે નિર્માણ સ્થાન પર એક સાઇટ ઓફિસનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં કર્મચારીઓ દ્વારા મુલાકાતીઓની જિજ્ઞાસાને ખૂબ સુંદર રીતે સમાધાન કરી સંતોષવામાં આવે છે.

**ગોશાળા :** ગો-ગોવંશ એ સાત્ત્વિકતા નોઆધાર છે. ગાયની ઉપસ્થિતિ વાતાવરણમાં રહેલી પ્રતિકૂળતા ને દૂર કરી સાત્ત્વિક ઉર્જાને પ્રકટ કરે છે અને શુદ્ધતા તથા પવિત્રતાને સંપાદિત કરે છે. આવા શુભ હેતુને પૂર્ણ કરવા માટે નિર્માણસ્થાન પર એક નાની એવી ગોશાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**બાલ ક્રીડાંગણ એવં અલ્પાહાર કેન્દ્ર :** પુષ્ટિસંસ્કાર પાઠશાલાની વિવિધ શાખાઓના પુષ્ટિસંસ્કારધામની મુલાકાતે આવનારા બાળકો અને અન્ય મુલાકાતીઓના બાળકોને રમવા માટે અને પ્રકૃતિની આહ્લાદકતાને માણવા માટે એક સુંદર બાલક્રીડાંગણ અને ઉદ્યાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ આવનારા મુલાકાતીઓના સુખાર્થે શુદ્ધ અને સાત્ત્વિક ભોજન પ્રાપ્ત થાય તે હેતુથી અલ્પાહાર કેન્દ્ર પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં વિશાળ સંખ્યામાં મુલાકાતીઓ તેનો વારંવાર લાભ લઇ રહ્યા છે.














# પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન મહોત્સવ ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮













ગોસ્વામી શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રી ની પ્રેરણા અને ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના માર્ગદર્શનમાં શિક્ષણ સાથે સંસ્કારના દિવ્ય અભિગમ ને સાકાર કરવા માટે નિર્માણાધિન પુષ્ટિસંસ્કારધામનો ભૂમિપૂજન ઉત્સવ તા. ૧૮/૦૨/૨૦૧૮ ના રોજ ખૂબજ ભવ્યતા અને દિવ્યતાપૂર્વક ઉજવાઇ ગયો. આ ભવ્ય ઉત્સવ નું આયોજન સુચારૂરૂપેણ થાય તે માટે આયોજન સમિતિ દ્વારા ૪૨ જેટલી સહયોગ સમિતિની રચના કરવામાં આવી અને દરેક સમિતિના એક-એક કન્વીનર અને સહકન્વીનર પણ નિમવામાં આવ્યા હતા. તદુપરાંત ૨૫૦૦ જેટલા સ્વયંસેવકો એ આ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનો સન્નિષ્ઠ સહયોગ આપ્યો હતો.

વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરાવવામાં આવેલા વેદ મંત્રોચ્ચાર પૂર્વકના વેદ-વિધાન અનુસાર આચાર્યશ્રી પરિવાર દ્વારા ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ અન્ય આમંત્રિત આચાર્યશ્રીઓ, સંતો-મહંતો અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં ભવ્ય સંસ્કાર અભિવ્યક્તિ નું દર્શન કરાવતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પુષ્ટિસંસ્કાર પાઠશાલાના બાળકો અને પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. અંદાજે ૧ લાખ વૈષ્ણવોએ આ દિવ્ય ઉત્સવને માણી 'હવે ચોક્કસ સંસ્કારિત સમાજનું નિર્માણ થશે જ.' એવો અનુભવ અંતઃકરણમાં કરી આનંદ વ્યક્ત કર્યો હતો.

આ રીતે પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન મહોત્સવ પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં અવિસ્મરણીય ઉત્સવ બની રહ્યો.















# પુષ્ટિસંસ્કારધામ નિર્માણ પ્રારંભ મહોત્સવ ૧૦,૧૧,૧૨ જાન્યુઆરી ૨૦૨૦

## તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ – શુક્રવાર







તા. ૧૦-૦૧-૨૦૨૦ ના રોજ સાત્ત્વિકતાના આધાર સમ ગોમાતાના પૂજન દ્વારા પુષ્ટિસંસ્કારધામ નિર્માણ પ્રારમ્ભની શુભ શરૂઆત થયા બાદ આચાર્યશ્રી પરિવાર દ્વારા પુષ્ટિમાર્ગ અને સંસ્કાર વિષય પર લાઇટ અને સાઉન્ડ પ્રદર્શનીનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. સાથે સાથે પુષ્ટિમાર્ગીય પિછવાઇ, સાંજી, આરતી આદિ વિવિધ કલા પ્રદર્શની પણ ખૂલ્લી મુકવામાં આવેલ. સંધ્યા સમયે ત્રિદિવસીય મહોત્સવનો પ્રારમ્ભ શ્રીઆચાર્યશ્રી પરિવાર દ્વારા શ્રીમહાપ્રભુજીના ચિત્રજીને માલ્યાર્પણ કરી, દીપ પ્રાકટ્ય કરીને કરવામાં આવ્યો. પ્રથમ દિવસે વૃન્દાવન વ્રજની રાસમંડલી દ્વારા ભગવાન્ શ્રીકૃષ્ણની લીલાની સુંદર ઝાંખી કરાવવામાં આવી હતી. આ ત્રિદિવસીય કાર્યક્રમને પુષ્ટિસંસ્કાર પાઠશાલાના બાળકો દ્વારા જ હોસ્ટ કરવામાં આવેલ હતો.








## તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૦ – શનિવાર

ઉત્સવના દ્વિતીય દિવસ તા. ૧૧-૦૧-૨૦૨૦ના રોજ ઉપસ્થિત આચાર્યશ્રીઓ તેમજ સંતો-મહંતો દ્વારા શ્રીમહાપ્રભુજીના ચિત્રજીને માલ્યાર્પણ અને દીપ-પ્રાકટ્ય કરી કાર્યક્રમનો પ્રારમ્ભ થયો. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત પાઠશાલાના બાળકો સંચાલકો, શિક્ષકો અને વૈષ્ણવવૃંદે મંગલરૂપનિધાન, પ્રભાતેસવેળા, સંસ્કાર સંવાદ, ગોપીજનવલ્લભાષ્ટકમ્, પુષ્ટિસંસ્કારધામગીત, જળ કમલ છાંડી જાને બાળા,ગાવત ગોપી મધુ મૃદુબાની કીર્તન, શોભા સલૂણા શ્યામની, હોરી રસિયાની પાઠશાલાના બાળકો દ્વારા રજુ કરવામાં આવેલી કૃતિઓને નિહાળી આહ્લાદકતા અનુભવી હતી.

# પુષ્ટિસંસ્કારધામ નિર્માણ પ્રારંભ મહોત્સવ ૧૦,૧૧,૧૨ જાન્યુઆરી ૨૦૨૦

## તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ – રવિવાર

ત્રિદિવસીય મહોત્સવના ત્રીજા દિવસે તા. ૧૨-૦૧-૨૦૨૦ના રોજ પ્રાતઃ કાલીન ઉત્સવ સત્રમાં નવનિર્માણાધીન પુષ્ટિસંસ્કારધામના નિર્માણ પ્રારમ્ભ કરવા માટે ભૂમિ શુદ્ધિકરણ ક્રમમાં ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના મુખ્ય સ્થાને અન્ય સહયોગી વૈષ્ણવો સાથે વિષ્ણુયાગનું સુંદર આયોજન કરવામાં આવેલું હતું.

વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વેદ મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિનો પ્રારમ્ભ થતા જ સમગ્ર સંકુલમાં અદ્‌ભુત દિવ્યતાની અનુભૂતિ સૌ કોઈને અનુભવાઈ હતી.

મધ્યાહ્‌ન બાદના સત્રનો આચાર્યશ્રી પરિવાર તેમજ સંતમહંતો દ્વારા શ્રીવલ્લભના ચિત્રજીને માલ્યાર્પણ તેમજ દીપ-પ્રાકટ્ય કરી પ્રારમ્ભ કરવામાં આવેલો હતો. નંદભવન કો ભૂષણ માઈ, અર્થ સહિત વેદ મંત્ર પઠન, દેખો સૂર્ય ઉદય હુવા હૈ, સંસ્કારો સે શોભા હમારી, સરલભાષા સંસ્કૃતમ્, સંસ્કૃત સંવાદ, શ્રીવલ્લભપ્રાણત્યષ્ટકમ્, પૂર્ણમદઃ પૂર્ણમિદં, પ્રલય પયોધિ, વાદ્ય વાદન, રંગ હોરી મચાઈ દઈ રે વગેરે કૃતિની પ્રસ્તુતિ પાઠશાલાના બાળકો દ્વારા કરવામાં આવી હતી. આમંત્રિત આચાર્યશ્રીઓ, સંતો-મહંતો, મહેમાનો અને વિશાળ વૈષ્ણવવૃંદ આ સર્વ કૃતિઓ નિહાળીને ભાવવિભોર બની ગયા હતા. આ રીતે સમગ્ર ત્રિદિવસીય મહોત્સવ અત્યંત આનંદપ્રદ અને પુષ્ટિ અસ્મિતાના ગૌરવને તેમજ સંસ્કારોને ઉજાગર કરનાર બની રહ્યો.












|| श्रीकृष्णाय नमः ||

|| श्रीवल्लभाधीशो जयति ||

# पुष्टिसंस्कारधाम

## સપ્તદિવસીય મહોત્સવ

## શિલાન્યાસ મહોત્સવ

ફેઝ ૨

૧૪ થી ૨૦ ડિસેમ્બર ૨૦૨૩



**: કાર્યક્રમ સ્થળ :**

પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સ્થાન,
વડાલ-કાથરોટા રોડ, વડાલ(જૂનાગઢ)



# 🕉 પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સહાય યોજના 🕉

## * યોજના ૧ : નિર્માણ સહાય યોજના *

| ક્રમ | સ્કવેર ફુટ | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ૧૧ | ૧૧,૦૦૦ |
| ૨ | ૨૫ | ૨૫,૦૦૦ |
| ૩ | ૫૧ | ૫૧,૦૦૦ |
| ૪ | ૧૧૧ | ૧,૧૧,૦૦૦ |
| ૫ | ૨૨૧ | ૨,૨૧,૦૦૦ |

## * યોજના ૨ : નિર્માણ મુખ્ય સહયોગી યોજના *

| ક્રમ | સ્કવેર ફુટ | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ૫૫૧ | ૫.૫૧ લાખ |
| ૨ | ૧૧૦૦ | ૧૧ લાખ |
| ૩ | ૨૧૦૦ | ૨૧ લાખ |

**નોંધ : આપના દ્વારા આપેલી સહયોગની રકમ ૮૦જી અંતર્ગત ઈન્કમટેક્સમાં બાદ મળવા પાત્ર છે.**

## * યોજના ૩ : વસ્તુ સહાય યોજના *

**પુષ્ટિસંસ્કારધામ નિર્માણ માટે જોઇતી વસ્તુઓ જેમ કે પથ્થર, રેતી, સિમેન્ટ, સ્ટીલ, ઇલેક્ટ્રિક સામાન વગેરેનો સહયોગ પણ સ્વીકારવામાં આવશે. તે વસ્તુની બજાર કિંમતના મૂલ્ય અનુસાર ઉપરોક્ત યોજનાઓમાં સહયોગી તરીકે નોંધવામાં આવશે.**

❖ ૧૧ હજાર તથા તેની ઉપરના દરેક સહયોગીઓના નામ પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સ્મરણિકામાં નોંધવામાં આવશે, તેમજ પુષ્ટિસંસ્કાર માસિક પત્રિકાના જે તે સમયના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

❖ ૧ લાખ ૧૧ હજાર તથા તેની ઉપરના દરેક સહયોગીઓના નામ પુષ્ટિસંસ્કારધામમાં ''નિર્માણ સહયોગ સ્થંભ'' માં ક્રમશઃ અંકિત કરવામાં આવશે.

❖ ૫ લાખ ૫૧ હજાર તથા તેની ઉપરના દરેક સહયોગીઓના નામ પુષ્ટિસંસ્કારધામમાં ''મુખ્ય સહયોગી સ્થંભ'' માં ક્રમશઃ અંકિત કરવામાં આવશે. તેમજ ૨૦૨૫ માં યોજાનાર ''પુષ્ટિસંસ્કારધામ મંગલ પ્રારંભ મહોત્સવ વાસ્તુ યજ્ઞ'' માં આપ આપના પરિવાર સહિત સહભાગી બની શકશો.

આપ આપનો નિર્માણ સહયોગ નીચે મુજબના બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો.
તે માટે બેંકની વિગતો નીચે મુજબ છે.

**Account Name: Shri Pushti Sanskar Sansthan**
**Account No. : 50100208261098**
**Bank Name : HDFC Bank - Junagadh(Gujarat-India)**
**Account Type : Savings**
**IFSC Code: HDFC0000231**




## કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી (CSR)

પુષ્ટિસંસ્કાર સંસ્થાન ટ્રસ્ટ CSR પ્રવૃત્તિઓ કરવા માટે ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલયના CSR વિભાગ હેઠળ નોંધાયેલ છે. અમે જે શ્રેણીઓને આવરી લઇએ છીએ તે શિક્ષણ, સામુદાયિક વિકાસ અને આરોગ્ય સંભાળ છે.

CSR Registration No. is CSR00026927

ઘણી કંપનીઓ અમારા ટ્રસ્ટમાં સક્રીયપણે તેમના CSR ભંડોળનું યોગદાન આપી રહી છે. તમે પણ આ બ્રોસરમાં જણાવેલા વિવિધ વિભાગોમાં તમારા CSR ફંડનું યોગદાન આપી શકો છો. વધુ માહિતી માટે અમારો સંપર્ક કરવો.

## સેન્ટ્રલ એક્ઝિક્યુટિંગ ટીમ

**પ્રોજેક્ટ વિઝનરી એન્ડ એક્ઝિક્યુટિંગ હેડ**

**ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી**

(મોટી હવેલી-જુનાગઢ)

**એક્ઝિક્યુટિવ એડમિનિસ્ટ્રેશન બોર્ડ**

આનંદભાઇ ઠક્કર(પ્રોજેક્ટ કન્વિનર), સંજયભાઇ કોરડીયા, વિઠ્ઠલભાઈ સાપરીયા, ચેતનભાઈ પાઘડાર, કૃપેશભાઇ ગાજીપરા, કિરીટભાઈ ગજેરા, મથુરભાઇ રામાણી, જયેન્દ્રભાઇ તન્ના

**એક્ઝિક્યુટિવ એડવાઇઝરી બોર્ડ**

વલ્લભભાઇ કટારિયા, બિપીનભાઇ હદવાણી, મનોજભાઇ તન્ના (યુ.એસ.એ.), હરેન્દ્રભાઈ ઉપાધ્યાય (કેનેડા), ગોપાલભાઈ સાપરીયા, મુકેશભાઈ ભાયાણી, ભરતભાઈ ફુલેત્રા, મિંજલભાઈ કાસુન્દ્રા

**સ્ટ્રેટજિક એરિયા એક્ઝિક્યુટિવ બોર્ડ**

**સૌરાષ્ટ્ર ઝોન :**

- **જૂનાગઢ** – ધીરૂભાઇ પટેલ, રમણીકભાઇ કારીયા, રસિકભાઇ ગરાળા, વજુભાઇ ભાલોડીયા, મનસુખભાઇ ફુલેત્રા, હરેશભાઇ પણસારા, વિનયભાઇ શિંગાળા, ગિરીશભાઇ ભલાણી, રમેશભાઇ જસાણી, વિઠ્ઠલભાઇ ભાલીયા, દિનેશભાઇ ભંડેરી, કમલભાઈ સેજપાલ, હિરેનભાઈ દેવાણી, બાલમુકુન્દભાઈ ગોકાણી, નયનભાઈ કારીયા, દર્શનભાઈ તન્ના, કાન્તિભાઈ વિરાણી, પરેશભાઈ (શિવમ પાર્ટી પ્લોટ), મનસુખભાઇ ક્યાડા, હરસુખભાઇ સાવલિયા, વિરદાસભાઈ ભલાણી, કૌશિકભાઈ ભલાણી, કાન્તિભાઈ દેસાઈ, પરેશભાઈ ગોહેલ, નાનુભાઈ મકવાણા, વલ્લભભાઈ કણસાગરા, સુખાભાઈ કોરડીયા, ગોરધનભાઈ ભેંસદડીયા, પ્રેમજીભાઈ શોભાસણા
- **કેશોદ** – અનિલભાઈ બરવાડીયા, હિતેષભાઇ ભાલોડીયા, હરસુખભાઇ રાજાણી, જતીનભાઈ સોઢા, રજનીભાઇ ફ્ડદુ, વજુભાઇ ક્યાડા, રતીભાઈ દેત્રોજા, રમેશભાઈ અઘેરા, દિનેશભાઇ લાડાણી, અશોકભાઈ અદોદરીયા, આનંદભાઈ ડેડાણિયા, રમેશભાઈ ફ્ડદુ, ગોપાલદાસ ખાનપરા, વિરમભાઇ બારૈયા, દીપભાઈ હદવાણી, અશોકભાઈ ગોહિલ, જમનભાઈ વણપરીયા, ચંદુલાલ કણસાગરા, દિનેશભાઇ કનેરીયા, સાગરભાઈ ડોબરીયા
- **વંથલી** – કૈલાશભાઇ ભાલોડીયા, નવનીતભાઇ કનેરીયા, રવજીભાઇ બાલધા, મનોજભાઇ ઠુંમર, રમેશભાઇ ગજેરા, છગનભાઇ ગોહેલ, મનિષભાઇ કનેરીયા, મથુરભાઇ કડીવાર, પરેશભાઇ સાપરીયા, જેન્તીભાઇ ડાવરીયા, લક્ષ્મીદાસ વિરપરીયા, ગોવિંદભાઇ ત્રાંબડીયા, કેતનભાઈ ભીમાણી, પ્રફુલભાઇ ભાલોડીયા, અતુલભાઈ વડારીયા, દિનેશભાઇ બેચરા, કૃષ્ણદાસ સોઢા, પરસોતમભાઇ જાગાણી, દિનેશભાઇ કાચા, વિષ્ણુભાઈ ટાંક, રમેશભાઇ ગજેરા, હરસુખભાઇ પૈડા, મથુરભાઈ કડીવાર, છગનભાઇ ગોહેલ, ભરતભાઈ ઉસદડીયા, રતીભાઈ જાવીયા, જેન્તીભાઇ જાગાણી
- **માણાવદર** – રમેશભાઇ શેરઠીયા, મનીષભાઈ ગરાળા, વિનોદભાઈ ગરાળા, યોગેશભાઇ સવસાણી, અંકુરભાઇ હિંગરાજીયા, સંજયભાઇ દેકીવાડીયા, કેલ્વીનભાઇ સવસાણી, નાનજીભાઈ દલસાણીયા, લખુભાઈ સાંગાણી, મલયભાઈ માકડીયા, નિલેશભાઈ લાડાણી, નિલેશભાઈ દેત્રોજા, અજયભાઇ કણસાગરા, નરોત્તમભાઇ તન્ના, દિનેશભાઇ ડઢાણીયા, મનસુખભાઇ મોરી, રમણીકભાઇ લાંગડેચા, મોહનભાઇ ઝુલાસણા, ભરતભાઈ હિંગરાજીયા, ભગવાનભાઇ ડઢાણીયા, મગનભાઈ હરણીયા, રતીભાઈ કાથરોટીયા, દામોદરભાઈ ફ્ડદુ, વિરમભાઇ મારડીયા, જેન્તીભાઇ કણસાગરા, ચંદુભાઈ શેરઠીયા, રાજાભાઈ કડીવાર, વ્રજલાલ કોરડીયા, મગનભાઈ વડુકીયા, ભાવેશભાઈ પાનસેરીયા, નાનાલાલ ડઢાણીયા, લાલજીભાઈ ભાલોડીયા, શાંતીલાલ પબાણી, ભરતભાઈ ડઢાણીયા, અશોકભાઈ વાછાણી, રાજેશકુમાર પનારા, જયદીપભાઈ ડરાણીયા, જેન્તીભાઇ મેંદપરા, ગોવિંદભાઇ વાઢીયા, હિતેશભાઈ સવસાણી
- **માળીયા હાટીના** – જયદિપભાઇ ભુત, રામજીભાઇ અઘેરા, અશ્વિનભાઇ માખસણા, જમનભાઇ કનેરીયા, સુરેશભાઇ ભુત, કાંતીલાલ હિંગરાજીયા, જગદીશભાઇ ભુત

# “ અમારી કર્તવ્યનિષ્ઠ ટીમ

- **વિસાવદર** – કિશોરભાઇ યાદવ, પ્રફુલભાઇ કાછડીયા, વિજયભાઇ ગણાત્રા, પરષોત્તમભાઇ વેકરીયા, નંદલાલ અમીપરા, ખોડાભાઇ છોડવડીયા, રતીભાઇ ડોબરીયા, ભીખુભાઇ વસોયા, દિલીપભાઇ ડોબરીયા, પ્રફુલભાઇ રાખોલીયા, ચેતનભાઇ કાકડીયા, હંસરાજભાઇ સોજીત્રા, બાબુભાઇ ભાલીયા, સમજુભાઇ સાવલીયા, હરસુખભાઇ પાઘડાર
- **ભેસાણ** – પરષોત્તમભાઇ કોઠીયા, ચીમનભાઇ ઠુમ્મર, શ્યામદાસભાઇ પટોળીયા, મગનભાઇ ઉસદડ, મનુભાઇ સાવલીયા, સંદિપભાઇ વઘાસીયા, દિલીપભાઇ વોરા
- **ધોરાજી** – ભરતભાઇ લક્કડ, જેન્તિભાઇ સેલારકા, કિશોરભાઇ કાપડીયા, વિઠ્ઠલભાઇ પેથાણી, કિરીટભાઇ વિરડીયા, સૂર્યકાંતભાઇ રામાણી, દિનેશભાઇ બાબરીયા
- **કોટડા સાંગાણી** – કેવિનભાઇ મારવાણીયા, જીતુભાઇ વાછાણી, શૈલેષભાઇ કણસાગરા, બળવંતભાઇ હિંગરાજીયા, પરષોત્તમભાઇ લુણાગરીયા, સંજયભાઈ ટીલવા
- **જેતપુર** – પરષોત્તમભાઇ રાદડીયા, દામજીભાઇ ડોબરીયા, રમેશભાઇ સાવલીયા, અશ્વિનભાઇ ભુવા, વિનોદભાઇ રૂપાપરા, હીરાભાઇ રાબડીયા, ધીરૂભાઇ વરસાણી, ડૉ.વજુભાઇ વૈષ્ણવ, ગિરીશભાઇ અમીપરા, વિમલભાઇ રૈયાણી, ભાવિનભાઇ પોલરા, ભગવાનજીભાઇ રૈયાણી, વિઠ્ઠલભાઇ પટોળીયા, વલ્લભભાઇ ખુંટ, રમેશભાઇ ભલુ, જાગાભાઇ ડોબરીયા, જયસુખભાઇ મકાતી
- **જામકંડોરણા** – ભરતભાઇ સતાસીયા, દીપકભાઇ કોયાણી, સુરેશભાઇ ઠેસીયા, વિપુલભાઇ સાકરીયા, દિનેશભાઇ બાલધા, મનોજભાઇ સાવલીયા, વિનોદભાઇ પોંકીયા, ભાવેશભાઇ રૂપાપરા, જીવરાજભાઇ સતાસીયા, બાબુભાઇ ઢોલરીયા, કાંતીભાઇ રાણપરીયા, નિતિનભાઇ રાણપરીયા
- **ઉપલેટા** – ભૂપતભાઇ ઉકાણી, સુનીલભાઇ ભીમાણી, શાંતીલાલ કુંડારીયા, મગનભાઇ ગેડીયા, રતિલાલ ફીંડોરીયા, જીતુભાઇ ગજેરા, રમણીકલાલ બાબરીયા
- **જામજોધપુર** – સુભાષભાઇ ભાણવડીયા, પિન્ટુભાઇ રાયઠઠ્ઠા, નલીનભાઇ કણસાગરા, ચંદુભાઇ ખાંટ, રાજેન્દ્રભાઇ બુટાણી, જયેશભાઈ ઠક્કર, અશ્વિનભાઈ કોટેચા, અશ્વિનભાઈ રાજા, વિશાલભાઈ માણાવદરીયા
- **અમરેલી** – નિતિનભાઇ રાજપરા, દિલીપભાઇ પરીખ, મનુભાઇ બરવાડીયા, રમેશભાઇ પટોળીયા, પ્રાગજીભાઇ રાખોલીયા, કાળુભાઇ બાવીસી, મનસુખભાઇ વેકરીયા
- **બાબરા** – સંજયભાઇ દલસાણીયા, કૃષ્ણકાન્ત રાજપોપટ, વિજયભાઇ સોરઠીયા, પિન્ટુભાઇ રાજપોપટ, કેતનભાઇ વિસલપરા, બિપીનભાઇ રાદડીયા
- **સાવરકુંડલા** – દિનેશભાઇ સૂચક, રાજેશભાઇ નાગ્રેચા, સુજસભાઇ ખીમાણી, દિલીપભાઇ ઘેટીયા
- **જાફરાબાદ** – અલ્પેશભાઇ વાવડીયા, પંકજભાઇ વૈષ્ણવ
- **બગસરા** – કિશોરભાઇ સુવાગીયા, વજુભાઇ રૈયાણી, જયકાન્તભાઇ સોની, વિઠ્ઠલભાઇ ગોંડલીયા, રમેશભાઇ સાંગાણી, ચંદુભાઇ બોરડ, ધીરૂભાઇ બાબરીયા, અજયભાઇ સવાણી, મનસુખભાઇ પાધરા
- **કુંકાવાવ** – વિઠ્ઠલભાઇ ગેવરીયા, વિઠ્ઠલભાઇ નસિત, વિજયભાઇ બોરાણીયા, ધીરૂભાઇ કુનડીયા, ગીરધરભાઇ સોંડાગર, પરેશભાઇ જોબનપુત્રા, અરવિંદભાઇ ગેવરીયા, રવજીભાઇ ભાલાળા, જેન્તીભાઇ ઠુંમર, ગોવિંદભાઇ લુણાગરીયા
- **ધારી** – શ્યામભાઇ શીલુ, વલ્લભભાઇ મરજાદી, દિલીપભાઇ સુવાગીયા, ગાંડુભાઇ સુતરીયા, શૈલેષભાઇ કોરાટ, પ્રફુલભાઇ ગજેરા, ચતુરભાઇ ભંડેરી, અશ્વિનભાઇ ગઢીયા
- **વડીયા** – ભગવાનજીભાઇ મરજાદી, હરસુખભાઇ ગજેરા, રસિકભાઇ ઠુંમર, લલિતભાઇ સાંગાણી, વાલજીભાઇ વૈષ્ણવ
- **ભાણવડ** – ભાવિનભાઇ રાડિયા, જેન્તીભાઇ કારાવડિયા, પ્રદિપભાઇ પાડલીયા, ગોરધનભાઇ બુટાણી, વિજયભાઇ કંટારીયા
- **તાલાળા-ગીર** – અશોકભાઇ કમાણી, દીપેશભાઇ રાયચુરા, પરષોત્તમભાઇ સુરેજા, દિલીપભાઇ રૂપારેલીયા, ડો.જેન્તીભાઇ સોજીત્રા
- **ગોંડલ** – વિઠ્ઠલભાઇ ધડુક, ભાવેશભાઇ ધડુક, વિજયભાઈ ડેડકીયા, દામજીભાઈ ગજેરા, મહેશભાઈ પંડ્યા, ધીરૂભાઇ ભાલાળા, સુરેશભાઇ ઠુંમર, જેન્તિભાઇ ભાલોડી, બાબુભાઇ ડોબરીયા, દ્વારકાદાસ શીંગાળા, ગોપાલભાઈ લાઠીગરા, વલ્લભભાઈ કાથરોટીયા, નીતિનભાઈ ધડુક, ધીરૂભાઇ સુવાગીયા, પ્રવીણભાઈ કાછડીયા, નટવરભાઈ ગોંડલીયા, કુરજીભાઈ બોરડ, રાજેશભાઈ કનેરીયા, જેન્તિભાઈ પદ્માણી
- **માંગરોળ** – હરીશભાઇ રૂપારેલિયા, મનોજભાઇ વિઠ્ઠલાણી
- **હળવદ** – કેયુરભાઇ લાડાણી, મનુભાઇ ગરાળા, જીતુભાઇ કોરડીયા, ભાવેશભાઇ કાથરોટીયા, મનસુખભાઇ રાજકોટીયા
- **ભાવનગર** – નવિનભાઇ વાછાણી, કિશોરભાઇ ભટાસણા, મનસુખભાઇ કમાણી, ગીરધરભાઇ લુણાગરીયા, હિરેનભાઇ વાછાણી
- **જામનગર-કાલાવડ** – કિરીટભાઇ અજુડીયા, ગીરધરભાઇ પટોળીયા, કાંતીભાઇ ગઢિયા, દિનેશભાઇ ચોવટીયા, રાજુભાઇ અકબરી

- **મેંદરડા** – ગોપાલભાઈ રફાળીયા, ભરતભાઈ પાનસુરીયા, જે.જે. રાજાણી, વિપુલભાઈ પોબારી, જગદિશભાઈ સાકરીયા, ગિરીશભાઈ પાઘડાર, પ્રવીણભાઈ ડોબરીયા, કેતનભાઈ પુરોહિત, અમિતભાઈ ગજેરા, હરસુખભાઈ પટોળીયા, વ્રજલાલભાઈ રાજાણી, જમનભાઈ ગજેરા, જીતેશભાઈ વઘાસીયા, ગોકળભાઈ સોલંકી, કિશોરભાઈ સાવલિયા, જેન્તીભાઈ ભાડજા, હરેશભાઈ કુંભાણી, પરબતભાઈ વેકરીયા, નાનજીભાઈ ગાજીપરા, શીવાભાઈ પરમાર, અરવિંદભાઈ પટોળીયા, ભીખુભાઈ હરખાણી, વિરાભાઈ બરવાડીયા, ગોરધનભાઈ રાણોલીયા, પ્રવીણભાઈ સાંગાણી, પ્રભુદાસભાઈ ભેંસદડીયા, કિશોરભાઈ ચૌહાણ, ચંપકભાઈ કુંભાણી
- **વેરાવળ-સોમનાથ** – અમૃતલાલ રાયઠઠ્ઠા (ભાદાભાઈ), ચિમનભાઈ અઢીયા
- **કુતીયાણા-રાણાવાવ** – રમણીકભાઈ બુટાણી, વિઠ્ઠલભાઈ મેઘપરા, જયંતીલાલ સંતોકી, કિંજલભાઈ બુટાણી, મહેશભાઈ પરમાર

**અન્ય મુખ્ય શહેરો :**

- **રાજકોટ** – પરષોત્તમભાઈ રૂપાપરા, રતિભાઈ વિકાણી, ભરતભાઈ વિરાણી, અમિતભાઈ ગરાળા, હેતલભાઈ ઉંજીયા, રાજભાઈ ભલાણી, કાંતીભાઈ હેદપરા, પરસોતમભાઈ બાબરીયા, અશોકભાઈ માથુકીયા, યોગેશભાઈ કોરડીયા, વિપુલભાઈ લાડાણી, સુરેશભાઈ ગરાળા, નીરવભાઈ ખાંટ, પીયુષભાઈ દોમડીયા, કિશોરભાઈ ઠુંમર, હિરેનભાઈ વડારીયા,સમીરભાઈ પટેલ
- **મોરબી** – કનુભાઈ પુજારા, શ્યામદાસ મારવણીયા, મનિષભાઈ પાડલીયા, ભાવેશભાઈ મણીયાર, ચમનભાઈ સરવડીયા, રણછોડભાઈ મોરી, હિતેન્દ્રભાઈ આરદેશણા, મંગલજીભાઈ સુવાગીયા
- **વાંકાનેર** – કનુભાઈ પુજારા, કિશોરભાઈ પૂજારા, ગુલાબરાય સુબા, જયદિપભાઈ ભીંડોરા, સંકેતભાઈ મહેતા, મુકેશભાઈ મહેતા
- **અમદાવાદ** – **બોપલ** : કિરીટભાઈ ગજેરા, કૃપેશભાઈ ગાજીપરા, કેતનભાઈ ગજેરા, અશોકભાઈ લાડાણી **નિકોલ** : કિશોરભાઈ માખસણા, ધર્મેશભાઈ કનેરીયા, હરસુખભાઈ ગોઠી, સી.ડી.ભાલોડીયા, જયેશભાઈ બુટાણી, હિતેષભાઈ માખસણા, દિલીપભાઈ શિરા, વિનુભાઈ ફડદુ, ભીમજીભાઈ કાલાવડીયા **ગોતા** : અર્જુનભાઈ પાચાણી **નરોડા** : જગદીશભાઈ ઘોડાસરા **મણીનગર** : દિનેશભાઈ કનેરીયા, ડૉ.ચંદ્રેશભાઈ વસોયા, રમણીકભાઈ રામોલિયા **ઘાટલોડીયા** : મનીષભાઈ વાઘડીયા **બાપુનગર** : ભરતભાઈ માકડીયા
- **અંકલેશ્વર** – કિશોરભાઈ પાડલીયા, જીતુભાઈ ફળદુ, પરેશભાઈ પરસાણીયા, નિલેશભાઈ બુટાણી, રાજેશભાઈ ધરસંડીયા, દિપકભાઈ ફળદુ, પ્રદિપભાઈ ઝાંઝરૂકીયા, પરેશભાઈ રાદડીયા, વિપુલભાઈ ઢોલરીયા, બીપીનભાઈ ઢોલરીયા, જીતુભાઈ ગજેરા
- **સુરત** – કિશોરભાઈ ઉંજીયા, શૈલેષભાઈ વણપરીયા, વિઠ્ઠલભાઈ રાંક, મનસુખભાઈ ભીમાણી, રૂપમભાઈ કુંડારીયા, રાકેશભાઈ ઉંજીયા, ધીરુભાઈ રાખોલીયા, જીતુભાઈ ગોંડલીયા, ગોપાલભાઈ વઘાસીયા, જીતુભાઈ કડીવાર, વલ્લભભાઈ ઠુંમર, અલ્પેશભાઈ મોણપરા, શૈલેષભાઈ સેંજલીયા
- **વાપી** – ભોવાનભાઈ કાચા, બાબુભાઈ મોરી, પ્રકાશભાઈ ચૌહાણ, હિતેષભાઈ કાચા, પરાગભાઈ ત્રાંબડીયા
- **કરજણ** – અનિલભાઈ ભાડજા, પ્રભુદાસભાઈ હિંગરાજીયા, રમેશભાઈ લક્કડ, પ્રવિણભાઈ ડરાણીયા, વિપુલભાઈ દલસાણીયા
- **વ્યારા** – વિઠ્ઠલભાઈ કાનાણી, લલિતભાઈ ખાંટ, મહેન્દ્રભાઈ તળાવીયા, હરસુખભાઈ ભાડજા, પ્રવિણભાઈ ટીલવા
- **વલસાડ** – રાજુભાઈ ઘોડાસરા, અમિશભાઈ શેખાત, હરિભાઈ વડારીયા, કમલેશભાઈ ડઢાણીયા, જીતુભાઈ શેખાત, ભાવેશભાઈ કોરડીયા, મનુભાઈ કનેરીયા
- **ચિખલી** – સમજુભાઈ આરદેશણા, મુકેશભાઈ ફળદુ, બાલુભાઈ ફળદુ, પીયૂષભાઈ બુટાણી, અશ્વિનભાઈ ઝાલાવાડીયા, અરવિંદભાઈ કાલરીયા, સતિષભાઈ ઝાલાવાડીયા
- **ભરૂચ** – ચંદ્રેશભાઈ પટેલ, આશિષભાઈ ત્રાંબડીયા • **નવસારી** – વિમલભાઈ ઘેટીયા, જેન્તિભાઈ હીરપરા, શૈલેષભાઈ ગોંડલીયા
- **કલોલ** – મનસુખભાઈ માખેસણા, મનસુખભાઈ મેંદપરા, ભાવેશભાઈ કણસાગરા
- **આણંદ** – મેહુલભાઈ નથવાણી, વિનોદભાઈ રાંક, રમેશચંદ્ર તન્ના
- **મુંબઈ** – અશ્વિનભાઈ માણસુરીયા, અશ્વિનભાઈ વડાલીયા, ખીમજીભાઈ રાયઠઠ્ઠા, બિપીનભાઈ મોદી **નવી મુંબઈ** – પ્રફુલભાઈ કપુપરા
- **પુણે** – નવિનભાઈ ઝાલાવાડીયા, દિલીપભાઈ માકડીયા, ગોપાલભાઈ અઘેરા, ભાવેશભાઈ ભાલોડીયા, યોગેશભાઈ ચપલા
- **કોલ્હાપુર** – જમનભાઈ ખાંટ, વિનુભાઈ ડઢાણીયા, દિલીપભાઈ ધીંગાણી
- **નાસિક** – બટુકભાઈ ઝાલાવડીયા, રમણીકભાઈ ધીંગાણી, જમનભાઈ લાડાણી, કેતનભાઈ લાડાણી, હિતેષભાઈ મેંદપરા, અજીતભાઈ કણસાગરા
- **વડોદરા** – સુરેશભાઈ મહેતા, કિરીટભાઈ સાવલીયા, કમલેશભાઈ બુટાણી

# નોંધ

અંતે અમે માત્ર એક જ ટૂંકો સંદેશો આપવા માંગીએ છીએ:
સ્પર્ધાઓ, ખોટી ચર્ચાઓ અને ખોટા દેખાવોને બદલે ફક્ત મૂળ સાથે જોડાઇને પરિણામલક્ષી કાર્ય કરીએ.

ચાલો યોગ્ય દિશામાં કાર્ય પ્રારંભ કરી, બાળકો-યુવાનો અને સમાજ તેમજ રાષ્ટ્રના અભ્યુદયમાં સહયોગી બનીએ.

આ પ્રોજેક્ટ આપણે સફળતાપૂર્વક પૂર્ણ કરી શકીએ તેવી આપણા આરાધ્ય ભગવાન્ શ્રીકૃષ્ણ અને આપણા આચાર્ય શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમલોમાં અભ્યર્થના.

## માહિતિ સંપર્ક


**સાઇટ ઓફિસ**

પુષ્ટિસંસ્કારધામ સંકુલ,
વડાલ-કાથરોટા રોડ,
જુનાગઢ, ગુજરાત-ભારત
ફોન - ૦૨૮૫ ૨૬૮૦૧૧૧
મો. ૯૦૩૩૮૪૦૩૧૧

**મુખ્ય ઓફિસ**

પુષ્ટિસંસ્કાર સંસ્થાન
મોટી હવેલી, પંચહાટડી ચોક,
જુનાગઢ, ગુજરાત-ભારત
ફોન - ૦૨૮૫ ૨૬૨૧૧૧૧
મો. ૯૫૧૦૯૩૨૪૧૬ ૮૧૪૦૦૧૬૯૮૮


* આ બ્રોસરમાં આપેલા પુષ્ટિસંસ્કારધામનાં ચિત્રો, સ્ક્વેર ફુટ, ફેઝ તથા બાંધકામ આચાર્યશ્રીની આજ્ઞા અને ટ્રસ્ટીમંડળના નિર્ણય મુજબ નિર્માણ કરવામાં આવશે.


પુષ્ટિસંસ્કારધામ,વડાલ-કાથરોટા રોડ, વડાલ-જુનાગઢ

ફોન - (૦૨૮૫) ૨૬૨૧૧૧૧, (૦૨૮૫) ૨૬૮૦૧૧૧, ૮૧૪૦૦૧૬૯૮૮

www.pushtisanskardham.org | www.pushtisanskar.org

info@pushtisanskar.org


Scan Here
Download PDF Version